ક્ષ

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ
નિગમને વર્ષઃ- ૨૦૧૭- ૧૮ માટેની
શેરમૂડીની ફાળાની ગ્રાન્ટ
ફાળવવા બાબત. રૂ.૧૨૫.૦૦ લાખ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃલઘસ-૧૦૦૭-૧૦૬૨-અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૧૨/૨૦૧૭

**વંચાણમાં લીધાઃ-** 29 DEC 2017

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦-૦૪-૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીયુડી-૧૦૨૦૧૭-૧૬૪૩૧૬-બ.

(૨) એમ.ડી., ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ તા.૨૭-૧૨-૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃગુઅસનાવિનિલિ/આઠ માસિક./૨૦૧૭-૧૮/૧૭૨૭૮

**ઠ રા વઃ-**

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૨)પરના ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમના તા. ૨૭-૧૨-૨૦૧૭ના પત્રથી ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગરને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે શેરમૂડી ફાળા પેટે રૂ. ૧૨૫.૦૦ લાખ ( અંકે રુપિયા એકસો પચ્ચીસ લાખ પુરા)ની ગ્રાન્ટ ફાળવવા દરખાસ્ત કરવામાં આવેલ. આ અંગેની જોગવાઇ સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા. ૧૦-૦૪-૨૦૧૭ ના ઠરાવથી આપવામાં આવેલ છે. આ રકમ નિગમના હવાલે મૂકવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે રૂ. ૧૨૫.૦૦ લાખ (અંકે રુપિયા એકસો પચ્ચીસ લાખ પુરા) નિગમને હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ અંગે મુડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર ૦૪:લઘુમતીઓનું કલ્યાણ ગૌણ સદર-૧૯૦ જાહેરક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ, પેટાસદર (૦૨) એમએનટી-૧૨ રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને શેરમૂડી ફાળો ખાતે હેઠળ ઉધારવાનો રહેશે.

૩. આ રકમ નાણા વિભાગ ધ્વારા વખતોવખત છુટી કરવામાં આવતી ગ્રાન્ટના પ્રમાણસર છુટી કરવાની રહેશે.

૪. આ ઠરાવ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા.૧૦-૦૪-૨૦૧૭ ના ઠરાવથી ચાલુ સેવાઓને નાણા વિભાગ ધ્વારા આપવામાં આવેલ મંજૂરી તથા સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્ર સચિવશ્રીની તા.૨૯-૧૨-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિન પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઇલ.
સિસ્ટમ અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગર